મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૪ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં જન્માષ્ટમીની પરંપરાગત ઉજવણી

પંચેદવ મંદિરે લોકમેળો ભરાયો : ઠેર ઠેર રાસ-ગરબા અને મટકીફોડ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા : આતશબાજી સાથે 'જય કનૈયાલાલકી'નો જયઘોષ ગૂંજી ઉઠયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં મુરલી મનોહર મનમોહન ભગવાન શ્રીકૃષ્ણના જન્મનું પર્વ જન્માષ્ટમી આનંદપૂર્વક ઉજવાયું હતું અને નગરજનોએકાન્હાના દર્શન સાથે જ 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી'ના જયઘોષથી શહેરને ગૂંજતું કરી મુકયું હતું. શહેરમાં કૃષ્ણ જન્મ સાથે યુવાનોએ મટકી ફોડના કાર્યક્રમો યોજયા હતા તો કેટલેક સ્થળે આતશબાજી દ્વારા નંદલાલના આગમનને વધાવાયું હતું. પંચદેવ મંદિરે ભરાયેલા જન્માષ્ટમીના મેળામાં મેદની ઉમટી પડી હતી. ગુડા વિસ્તારની સોસાયટીઓમાં પણ મટકીફોડ સહિત જન્માષ્ટમી ઉજવાઈ હતી.

નટખટ કિશન કનૈયાનો જન્મોત્સવ સૌ કોઈમાટે હરખનો ઉત્સવ બનીને આવે છે. શહેરના પંચદેવ મંદિરથી માંડીને જલારામ મંદિર, ગોવર્ધનનાથજીની હવેલી, વૈજનાથ મહાદેવ, ઓમકારેશ્વર મહાદેવ, ગાયત્રી મંદિર, રામજી મંદિર, સ્વામિનારાયણ મંદિર સહિત મોટા ભાગના મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો. પંચદેવ મંદિરે દિવસ દરમિયાન પરંપરાગત રીતે લોકમેળો ભરાયો હતો જેને માણવા ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારની ગ્રામીણ જનતા ઉમટી પડી હતી અને મનભરીને મેળાને માણ્યો હતો. પંચદેવ મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ સાથે આરતી અને મટકી ફોડ વગેરેનું યોજન કરાયું હતું. સે-૨૧માં ગોવર્ધનનાથજીની હવેલી ખાતે પણ કૃષ્ણ ભજનોની ધૂન સાથે જન્મોત્સવ ઉજવાયો હતો.

● જલારામ મંદિર, સે-૨૯

ગાંધીનગરના સે-૨૯માં જલારામ મંદિરે લોહાણા યુવા સંગઠન

દ્વારા ભવ્ય રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ મટકી ફોડ ઉપરાંત કૃષ્ણ જન્મ દર્શન સાથે મહાઆરતી અને ધૂન યોજાઈ હતી. રાસ ગરબાના ઉત્કૃષ્ટ ખેલૈયાઓને ઈનામોથી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે લોહાણા મહાપરિષદના મહામંત્રી હિમાંશુ ઠકકર, ફિલ્મ કલાકારો રાકેશ પુજારા તથા જનક ઠકકર ઉપસ્થિત રહ્યા હતા.

● વૈજનાથ મહાદેવ, સે-૨૧

ચ-૬ સર્કલ નજીક વૈજનાથ માલણેશ્વર મહાદેવના મંદિરે જન્માષ્ટમી તથા શ્રાવણિયા સોમવારને અનુલક્ષીને રંગબેરંગી ફુગ્ગાઓની મનમોહક રંગોળી સાથે સમગ્ર મંદિર સંકુલ સજાવવામાં આવ્યું હતું.

મંદિર સંકુલમાં મહાદેવજીના અર્ધનારેશ્વર સ્વરૂપ તથા કાન્હા-જશોદા સાથેની ભોળાનાથની નયનરમ્ય રંગોળીએ દર્શનાર્થીઓને અચંબિત કર્યા હતા. આ પ્રસંગે જાણીતા વાંસળીવાદક પારેખદાદાએ વાંસળીના સૂરો રેલાવી શ્રધ્ધાળુઓને ડોલાવ્યા હતા.

● સેકટર-૩-ડી યુવક મિત્ર મંડળ

સેકટર-૩ડી ખાતે યુવક મિત્ર મંડળ દ્વારા નવરાત્રિ ચોકમાં રાસ

ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે અહીં મટકી ફોડનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અદ્દન કાન્હાના સ્વાંગમાં કિશોરોએ માનવ પિરામિડ પર ચઢી મટકી ફોડી હતી. મોટી સંખ્યામાં દર્શનાર્થીઓએ આરતીનો લાભ લીધો હતો.

● સેકટર-૧ ગાયત્રી મંદિર

સેકટર-૧માં પૂજન ડાન્સ એકેડમી, લાયોનેસ કલબ તથા ગાયત્રી પરીવારના સંયુકત ઉપક્રમે નૃત્ય નાટિકાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાના ભૂલકાંઓએ વિવિધ પરફોર્મન્સ થકી ભાવિકોને ગોકુલમય કરી દીધા હતા. આ કાર્યક્રમમાં લાયોનેસ કલબે બાળકોને ઈનામો આપી

પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ માટે બાળકોને પ્રજ્ઞાબેન ગજજરે તાલીમ આપી હતી જયારે કાર્યક્રમનું સંચાલન આશાબેન સરવૈયાએ કર્યું હતું. આ પ્રસંગે લાયોનેસના પ્રમુખ ડિમ્પલ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

● સે-૨૩ સમસ્ત બ્રહ્મસમાજ

સેકટર-૨ના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા લગ્નવાડી ખાતે જન્માષ્ટમીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના સભ્યોએ ગરબાનો આનંદ માણ્યો હતો. કૃષ્ણ જન્મ સાથે આરતી અને મટકી ફોડના કાર્યક્રમ પણ ઉજવાયા હતા. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર

નીલાબેન શુકલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

● ગુડા વિસ્તારો

ગાંધીનગરના ગુડા વિસ્તારો જેવા કે વાવોલ, સરગાસણ, કુડાસણ, રાયસણ તથા રાંદેસણ વગેરે ખાતે નવ વિકસિત સોસાયટીઓમાં પણ કૃષ્ણ જન્મોત્સવના આયોજન કરાયા હતા તથા તેમાં બાળકોના નૃત્યો, અભિનય વગેરે સહિતની વિવિધ સ્પર્ધાઓ સાથે મટકી ફોડના કાર્યક્રમ યોજાયા હતા. અનેક સ્થળે કૃષ્ણજન્મ સાથે શ્રધ્ધાળુઓએ નયનરમ્ય આતશબાજી કરી આકાશ ગજવી મુકયું હતું. અને જન્માષ્ટમીના પર્વે સમગ્ર શહેર કૃષ્ણમય બનીને નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલકીના નાદ સાથે ઝુમી ઉઠયું હતું.

સિવિલમાં કારણ વિના ફરતા લાઈટ-પંખા બંધ કરો : સિવિલ સુપ્રિટેન્ડન્ટ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં સિવિલ સુપ્રિટેન્ડન્ટ તરીકે ચાર્જ સંભાળેલ ડો. નિયતીબેન લાખાણીએ આજે સિવિલ હોસ્પિટલનો રાઉન્ડ લીધો હતો. સિવિલના વિવિધ વિભાગોમાં ફરીને તેઓને કારણ વિના ફરતા પંખા અને જરુરીયાત વિના ચાલુ હોય તેવી લાઈટ બંધ કરવા સહિત પાણી લીકેજ પર વિશેષ ભાર મુક્યો હતો. આ રાઉન્ડમાં સિવિલ તંત્રનો વહીવટી સ્ટાફના કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજરોજ સિવિલ સુપ્રિટેન્ડન્ટ તરીકે ડો. નિયતીબેન લાખાણીએ સવારે ઓપીડી બિલ્ડીંગ, તાત્કાલીક વિભાગ, લેબોરેટરી, વોર્ડ સહિત નવી બિલ્ડીંગનો રાઉન્ડ લીધો હતો. આ રાઉન્ડમાં આરએમઓ, ડો. રાજેન્દ્ર ચૌહાણ, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિબેન પટેલ, એએનએસ, એસઆઈ ભરતભાઈ બારોટ અને પ્રકાશભાઈ, પીઆઈયુ તેમજ લાઈટ વિભાગના કર્મચારીઓ સહિત રાજદીપ એન્ટરપ્રાઈઝના સુપરવાઈઝરો અને સિક્યુરીટીનો સ્ટાફ પણ જોડાયો હતો. આ રાઉન્ડમાં ડો. નિયતી બેનના ધ્યાને કારણ વિના ફરતા પંખા અને લાઈટો નજરે પડી હતી. કારણ વિના ફરતા પંખા તેમજ લાઈટો જે તે હાજર કર્મચારીઓએ બંધ કરવી તેમ જણાવ્યું હતું. આ અંગે કર્મચારીઓને સુચના આપવા માટે પણ જણાવ્યું હતું. જયારે પાણીના લીકેજનો પ્રશ્ન પણ ધ્યાને આવતા તેઓએ તાત્કાલીક અસરથી પાણી લીકેજનો પ્રશ્ન દુર કરવા પીઆઈયુ વિભાગના કર્મચારીઓને જણાવ્યું હતું. સિવિલ સુપ્રિટેન્ડન્ટના પ્રથમ દિવસે જ રાઉન્ડ લેતા કર્મચારીઓમાં ચહલ પહલ જોવા મળી હતી.

લેકાવાડા ગામમાંથી વિદેશી દારૂની બોટલો સાથે મારૂતિ વાન પકડાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ચિલોડા રોડ પર આવેલા લેકાવાડા ખાતે એક મારૂતિ વાન ગાડીમાં વિદેશી દારૂની બોટલો સંતાડી દારૂનો વેપલો થતો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી દારૂની બોટલો સાથે મારૂતિ વાન કબ્જે કરી લીધી હતી. આ વાનમાં વિદેશી દારૂ સંતાડીને બોટલોનો વેપલો કરતા બુટલેગર સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની ટીમ જિલ્લામાં દારૂ-જુગારની બદીને નેસ્તનાબુદ કરવા સક્રિય થઇ છે અને પોતાના બાતમીદારોને પણ એક્ટિવ કર્યા છે ત્યારે સાતમના દિવસે વધુ એક ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો એલસીબીની ટીમે પકડી પાડી હતી. હેડ કોન્સ્ટેબલ યજવેન્દ્રસિંહને મળેલી બાતમીના આધારે એલસીબીની ટીમે લેકાવાડા ગામના દરબાર વાસમાં દરોડો પાડી ગાડીમાંથી દારુ પકડયો હતો. બુટલેગર રણવીરસિંહ કલ્યાણસિંહ વાઘેલા એ મારુતિ વાન નંબર જીજે ૨ ઝેડ ૧૯૧૪માં દારૂની બોટલ સંતાડી હતી. એલસીબીની ટીમે દરોડો પાડી ૧૬ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી મારૂતિવાન સહિત કુલ રૂ.૬૬,૮૦૦ને કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી રણવીર સિંહ વાઘેલા સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરના સેવાભાવી યુવાનોના મહાકાલ ગૃપ દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે સે-૨૩ અને સે-૨૪ની સેવા વસ્તીના બાળકોને કપડાં, ચોકલેટસ તથા બિસ્કીટ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. યોગાનુયોગ મહાકાલ ગૃપના આકાશસિંહ ભાટીના પિતાનો પણ જન્મદિવસ હોવાથી યુવાનોએ આ દિવસને સેવા કાર્ય થકી યાદગાર બનાવ્યો હતો.

ધોળેશ્વર મહાદેવ પાસે નદીમાં ડૂબી જવાથી નવ વર્ષની બાળકીનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૪

અમદાવાદના નરોડા ખાતે કૃષ્ણનગર વિસ્તારમાં રહેતું એક પરિવાર શીતળા સાતમના દિવસે બપોરના અરસામાં ગાંધીનગર નજીક આવેલા ધોળેશ્વર મહાદેવ ખાતે દર્શન કરવા આવ્યું હતું. મંદિરે દર્શન કરીને ધોળેશ્વર મહાદેવની પાછળથી પસાર થતી સાબરમતી નદીમાં પરિવાર ન્હાવા ગયું ત્યારે આ પરિવારની લાડકવાયી દીકરી નવ વર્ષની બાળકી નદીના પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. નદીના પાણીમાં ડૂબી જવાથી બાળકીનુ મૃત્યુ નીપજયુ હતું. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. નદીમાંથી ડૂબી ગયેલી બાળકીને નીકાળી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી પરંતુ ત્યાં સુધીમાં તેણીનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. ઈન્ફોસિટી પોલીસે ઘટનાની જાણ થતાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શીતળા સાતમના દિવસે બપોરના અરસામાં અમદાવાદના નરોડા ખાતે આવેલા કૃષ્ણનગર વિસ્તારમાં સાબદાબ સોસાયટીમાં રહેતા મનોજભાઈ પટેલનું પરિવાર કોબા-ગાંધીનગર રોડ પર ધોળાકુવાની સિમમાં આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા આવ્યુ હતુ. નવ વર્ષની બાળકી વિશ્વા મનોજભાઈ પટેલ અને તેણીની માતા શિલ્પાબેન મનોજભાઈ પટેલ મંદિરે દર્શન કરીને મંદિરની પાછળથી પસાર થતી સાબરમતી નદીમાં ન્હાવા માટે ગયા હતા. બપોરે અઢી વાગ્યાના અરસામાં અચાનક નવ વર્ષની લાડકવાયી દિકરી નદીના પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. નદીમાં ડૂબી રહેલી દીકરીને બચાવવા પરિવારના સભ્યો ઉપરાંત નદીએ ન્હાવા આવેલા અને શ્રદ્ધાળુઓ પણ એકત્ર થઈ ગયા હતા પરંતુ ત્યાં સુધીમાં દીકરી નદીમાં ડૂબી ગઈ હતી. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી દીકરીને નદીમાંથી બહાર કાઢી એમ્બ્યુલન્સ મારફતે ગાધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જોકે હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. દીકરીના મૃત્યુના સમાચાર સાંભળી પરિવારજનોના પગ તળેથી જાણે જમીન સરકી ગઈ હતી. હોસ્પિટલમાં હૈયાફાટ રુદન શરૂ થઈ ગયુ હતુ. આ ઘટનાની જાણ ઈન્ફોસિટી પોલીસને થતા પોલીસે બાળકીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી ઘટનાને વધુ તપાસ શરૂ કરી છે.

આવતીકાલે સે-૮માં ત્ર્યંબકેશ્વર મહાદેવનો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સેકટર-૮ ખાતેના શ્રી ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર શ્રાવણ સુદ એકાદશીને ગુરુવારે પાટોત્સવ પર્વ ઉજવશે. આ પ્રસંગે હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સેકટર-૮ના શ્રી ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે આયોજિત હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞનો સવારે ૯ કલાકે પ્રારંભ કરાશે. બપોરે ૩.૩૦ કલાકે ભગવાનની રાજોપચાર અને ષોડશોપચાર વિધિથી પૂજા અર્ચના યોજાશે. જેમાં ફળોના રસ, દૂધ, પંચામૃત, ભાંગ તથા સુગંધિત દ્રવ્યો તેમજ ફુલોના શણગાર સાથે મહાઅભિષેક યોજાશે. સાંજે ૫ કલાકે શ્રીફળ હોમાયા બાદ મહાઆરતી કરાશે તેમજ છપ્પનભોગ ધરાવવા સાથે ભકિતવંદના કરાશે. પાટોત્સવ પર્વના સમાપને રાત્રે ૯ કલાકથી સવારના ૬ કલાક સુધી ચાર પ્રહરની મહાપૂજા યોજાશે. પાટોત્સવ પર્વનો ધાર્મિક લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આજે સમર્પણ કોલેજ ખાતે શિક્ષણ-શિક્ષક સન્માન યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સ્થિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તા. ૫મી સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે શિક્ષણ શિક્ષક સન્માન તથા વિદ્યાર્થીઓ માટે જ્ઞાન વિસ્તાર કાર્યક્રમના પ્રારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંસ્થાના ૧૨ પ્રાધ્યાપકોનું સન્માન ટ્રસ્ટી તથા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે કરાશે.

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. કે.એચ શાસ્ત્રી તથા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. પી.કે. મેહતાના અતિથિવિશેષ પદે યોજાનારા આ કાર્યક્રમમાં સમર્પણ કોલેજમાં કાર્યરત અધ્યાપકોના વિશિષ્ટ પ્રદાન તથા વિવિધ ક્ષેત્રે સંશોધન કાર્ય કરનારા ૧૨ પ્રાધ્યાપકોનું સન્માન કરાશે. આ સાથે સંસ્થામાં તા. ૧૦મી સપ્ટેમ્બરથી તા. ૧૫મી સપ્ટેમ્બર દરમિયાન વિદ્યાર્થી સજ્જતા શિબિર યોજાશે. જેમાં ગુજરાતભરમાંથી ૫૫ તજજ્ઞ વિધ્વાનો એક હજાર જેટલાં વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરશે. જેને આ સમારંભમાં ખુલ્લી મુકાશે. સમગ્ર આયોજન માટે કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. દીપક પંડયાની આગેવાની હેઠળ તમામ કર્મચારી ગણ જહેમત ઉઠાવી રહ્યા છે.

સેકટર-૩૦ અંતિમ ધામ ખાતે શનિવારે પ્રાર્થના સભા યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા મહાનગર પાલિકાના સહકારથી પ્રતિ ત્રણ માસે એકઠા થતા અસ્થિ વિસર્જન વિધી પહેલા ગાંધીનગર અંતિમધામ ખાતે યોજાતી પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહી સ્વર્ગસ્થ સ્વજનોને પુંષ્પાજલિ, પ્રાર્થનામાં જોડાવા માટે વસાહત મહામંડળ દ્વારા અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર સેકટર-૩૦ અને સરગાસણ અંતિમધામ ખાતે અગ્નિ સંસ્કાર પામેલા સ્વજનોના અસ્થિ વિસર્જન પ્રસ્થાન, પુંષ્પાજલિ, પ્રાર્થના સભા તા. ૮ સપ્ટેમ્બરને શનિવારના રોજ સવારે ૯.૧૫ કલાકે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મૃતક સ્વજનોના પરિવારોને હાજર રહેવા મહામંડળ દ્વારા અનુરોધ કરાયો છે. તા. ૯-૩-૧૮ થી તા.૭-૯-૧૮ દરમિયાન સ્વર્ગવાસી થયેલા છે. તે સ્વજનોના અસ્થિનું વિસર્જન હરિદ્વાર હરકીપેઢી ખાતે તા. ૧૦-૯-૧૮ ના રોજ સવારે ૭.૩૦ કલાકે નિલેન્દુભાઈ વોરા થતા ભુપેન્દ્રભાઈ મહેતા દ્વારા વિધિ સંપન્ન કરવામાં આવશે. જયારે તા. ૮-૯-૧૮ સવારે ૯.૧૫ કલાકે આયોજીત પ્રાર્થના સભામાં સ્વજનોના પરિવારોને ઉપસ્થિત રહેવા વસાહત મહામંડળ દ્વારા જણાવાયું છે.

@ગાંધીનગર

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની માસિક બેઠક પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૪.૩૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ, સે-૨૨ ખાતે યોજાશે.

સ્ટેમ્પ વેન્ડરોને મોંઘવારી પ્રમાણે કમિશન વધારવા રજુઆત

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજયના સ્ટેમ્પ વેન્ડરો હાલની મોંઘવારીમાં નજીવા કમીશનથી સેવા કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા સ્ટેમ્પ વેડર એસોસીએશન તરફથી વારંવાર સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવેલ છે. મુખ્યમંત્રીશ્રીને પણ રજુઆત કરેલ છે. ૧૯૯૨થી જે કમીશન અમલમાં છે તેમાં કોઈ વધારો થયેલ નથી. મહેસુલ મંત્રીશ્રીને પણ રૂબરૂ મળી રજુઆત કરવામાં આવી છે પરંતુ સકારાત્મક અમલ થતો નથી તો સત્વરે કમીશન વધારવા અંબુજી વિહોલ-પ્રમુખશ્રી ગાંધીનગર જિલ્લા સ્ટેમ્પ વેન્ડર એસોસીએશને રજુઆત કરેલ હોવાનું જણાવેલ છે.

દુઃખદ અવસાન

સેકટર-૨૬ કિસાનનગરના રહેવાસી અનિલભાઈ બંસીધર વ્યાસ (રૂપાલવાળા)ના ધર્મપત્ની અ.સૌ. અલકાબેન તા. ૨-૯-૧૮ના રોજ દેવલોક પામેલ છે. સદગતનું બેસણું તા. ૬-૯-૨૦૧૮ને ગુરુવારના રોજ બ્રહ્મભવન, સોમનાથ મહાદેવ, વિદ્યા લાયબ્રેરીની બાજુમાં સેકટર-૧૬ ખાતે સવારે ૮ થી ૧૨ રાખેલ છે.

ચિરવિદાય

- સ્વ. ભીખાભાઈ ભૂલાભાઈ પટેલ, ઉ.વ. ૫૯
- સ્વ. મંગાજી ગલાજી ઠાકોર, ઉ.વ. ૫૮